જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૯/૧/૨૦૧૭ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૫૪/૧૭**

ચોરીના મોબાઇલ ફોન સાથે એક ઇસમને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ,

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં સંયુકત પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપન ભદ્રન તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ડો.રાજદીપસિંહ ઝાલા નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં બનતાં લુટ ધાડનાં મિલકત સંબંધી તથા મોબાઇલ ચોરીના ગુન્હાઓને શોધી કાઢવા સારૂ તથા અટકાવવા સારૂ, તેમજ વોન્ટેડ આરોપીઓને શોધી કાઢવા સારૂ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ. જે અનુસધાને ક્રાઇમ બ્રાંચના પોલીસ ઇન્સ્પેકટર શ્રી વી.બી.બારડ, તથા પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી એસ.એન.દેસાઇ તથા સ્ટાફનાં માણસો સાથે અમદાવાદ શહેરમાં પેટ્રોલીગમાં હતાં. તે દરમ્યાન મળેલ બાતમી હકિકત આધારે, ઓઢવ ફયરબ્રીગેડ પાસેથી આરોપી અમરસિંહ ઉર્ફે અમુ ભીમસિંહ જાતે રાજપુત ઉવ.૨૨ રહે.ડી/૧૪ આદીનાથનગર હરણીયા વાસની બાજુમા ઓઢવ અમદાવાદશહેર મુળવતન ગામ જાવાલ તા.શીરોહી જી શીરોહી રાજસ્થાન નાને ચોરીના સિલ્વર મેટાલીક કલરનો ઇન્ટેક્ષ કપનીનો મોબાઇલ ફોન કિં.રૂ.૩,૦૦૦/- સાથે ઝડપી પાડેલ છે.

આરોપીનો ગુન્હાહીત પુર્વ ઇતિહાસ : અગાઉ સને ૨૦૧૩ ની સાલમા બલુટ ગામમા આવેલ જૈન મંદીરમા ચાંદી ૨૨ કીલો તથા સોનુ ૨૫ તોલા તથા રોકડ ૨૨ લાખ હતા તે પોતે તથા પોતાના સાત મિત્રો સાથે લુટ કરેલ જેમા મંદીરના પુજારીને મારી નાખેલ આ ગુન્હામા ૨૧ મહીના જેલમા રહેલ આ દરમ્યાન કેસ ચાલી જતા ગઇ સાલ નવરાત્રીમા નિદોર્ષ છુટી ગયેલ છે.

આ કામે પકડાયેલ આરોપીની પુછ પરછ કરતાં જણાવેલ કે પોતાની પાસેથી મળી આવેલ મોબાઇલ ફોન ગઇ તા.૨૮/૧૨/૨૦૧૬ નારોજ બપોરના સમયે પોતાનો મિત્ર સાગર ઉર્ફે ગોગો પુજાભાઇ ઠાકોર પોતાની સાથે રઘુનાથ હીન્દી હાઇસેકન્ડરી વિધાલયમા અભ્યાસ કરતો હોય અને ઓઢવ સોનીની ચાલીના પાછળના ભાગે રહે છે અને હાલ ઓટોરીક્ષા ચલાવે છે તે પોતાના ઘરે આવેલ તે વખતે આ મોબાઇલ ફોન રૂ.૧૭૦૦/-મા તેની પાસેથી ખરીદ કરેલ અને પોતાના અંગત ઉપયોગમા વાપરતો હતો. અને આજરોજ આ મોબાઇલ ફોન લઇને ઓઢવ રબારી કોલોની તરફથી આવી ઓઢવ ફાયરબ્રીગેડ સામે થઇ છોટાલાલની ચાલી તરફ જતો તે વખતે ઓઢવ ફાયરબ્રીગેડ પાસેથી ઝડપી લીધેલ છે અને સદરી બાબતે ખાત્રી કરતા કુષ્ણનગર પોલીસ સ્ટેશન I ગુ.ર.નં. ૨૧૪/૨૦૧૬ ઇ.પી.કો. કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબના અનડીટેકટ ગુન્હો શોધી કાઢવા મા આવેલ છે તેમજ સદરી પકડાયેલ આરોપીને કુષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે સોપવા તજવીજ કરવામાં આવેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**એકાદ વર્ષ પહેલા સોલા નિરમા યુનિવર્સિટી પાછળ આવેલ તિરુપતિ આકૃતિ ગ્રીન્સ નામની સાઇટમાંથી સ્કોર્પિયો ગાડી લઇ આવી કોપર વાયરોની ચોરી કરનાર ત્રણ ઇસમો પૈકી એક ઇસમને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ,**

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં સંયુકત પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપન ભદ્રન તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ડો. રાજદિપસિંહ ઝાલા નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં બનતાં લુટ ધાડનાં મિલકત સંબંધી તથા ફોરવ્હીલ ગાડીઓ માંથી સામાન ચોરી કરવાના ગુન્હાઓને શોધી કાઢવા સારૂ તથા અટકાવવા સારૂ, તેમજ વોન્ટેડ આરોપીઓને શોધી કાઢવા સારૂ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ. જે અનુસધાને ક્રાઇમ બ્રાંચના પોલીસ ઇન્સ્પેકટર શ્રી વી.બી.બારડ, તથા પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી એસ.એન.દેસાઇ તથા સ્ટાફ્નાં માણસો સાથે આજરોજ અમદાવાદ શહેરમાં પેટ્રોલીગમાં હતાં. તે દરમ્યાન મળેલ બાતમી હકિકત આધારે, ચાણક્યપુરી બ્રીજના ઉતર છેડેથી આરોપી લક્ષમણ ઉર્ફે અર્જુન S/O અમરચંદ જાતે કુમાવત ઉવ.૨૧ ધંધો:-ભંગારની ફેરી રહે.રબારીની ચાલી, ચાણક્યપુરી, હનુમાન મંદિર પાસે, સોલા અમદાવાદ શહેર મુળ ગામ:- પાલરી પાઇટા ખેરા, તા.માંડલ જી.ભીલવાડા રાજસ્થાન નાને આજરોજ તા.૦૮/૦૧/૨૦૧૭ ના રોજ ઝડપી પાડી અનડીટેક ગુન્હો શોધી કાઢવામા આવેલ છે.

**આરોપીનો ગુનાહીત ઇતિહાસ:-**

પકડાયેલ આરોપી પોતાના ભાઇ સાથે રહે છે અને હાલમા ભંગારની ફેરી કરે છે. અગાઉ સને ૨૦૧૩ મા અડાલજ પોલીસ સ્ટેશન મા મર્ડર કેસમા પકડાયેલ અને કેસ ચાલી જતા નિર્દોષ છુટેલ છે.

(૧) એકાદ વર્ષ પહેલા સોલા નિરમા યુનિવર્સિટી પાછળ આવેલ તિરુપતિ આકૃતિ ગ્રીન્સ નામની સાઇટમા પોતે તથા પોતાના મિત્ર રાધેશ્યામ તથા સોનુ સાથે મળી સ્કોર્પિયો ગાડીમા કોપર વાયરોના સાતેક કટ્ટાની ચોરી કરી કોપર વાયરો રાધેશ્યામ તથા સોનુ શર્મા લઇ ગયેલ અને બીજે દિવસે બપોરના સમયે રાધેશ્યામે ફોન કરીને ગોતા ચોકડી પાસે બોલાવેલ અને પોતાના ભાગના રૂ.૧૩,૫૦૦/- આપેલ હોવાનુ જણાવેલ

(૨) ઉપરોકત ચોરી કર્યા બાદ પાંચેક દિવસ પછી રાધેશ્યામ અને સોનુ બંન્ને પોતાને બીજા ચોરી કરેલ લોખંડના સળિયા રાખવા સારુ આપી ગયેલ જે ગોતા ચોકડી પાસે ભેરુ લુહાર નામના ભંગારની દુકાન વાળાને વેચી દીધેલ અને સરખે ભાગે ભાગ પાડી લીધેલ હોવાનુ જણાવતો હોય સદરી પકડાયેલ આરોપીને સોલા પોલીસ સ્ટેશન I- ગુ.ર.નં.૩૧૫/૨૦૧૫ ઇપીકો કલમ ૩૮૦ મુજબના ગુન્હાના કામે સોપવા સારુ તજવીજ હાથ ધરવામા આવેલ છે.

**અમરાઇવાડી પોલીસ સ્ટેશન :-**

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી આઇ ડિવીઝન અમદાવાદ શહેરનાઓની સુચના અને માર્ગદર્શન મુજબ મિલ્કત સંબંધી ગુનાઓ શોધી કાઢવા અને બનતા ગુનાઓ અટકાવવા સારુ અમો તથા સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ.જી.એસ.પાટીલ તથા સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં સઘન પેટ્રોલીંગમાં હતા દરમ્યાન અ.હે.કો.નવનીતભાઇ નરોત્તમભાઇ બ.નં.૭૮૩૮ નાઓને ખાનગી રાહે મળેલ બાતમી હકીકત આધારે અમરાઇવાડી ન્યુકોટન ચાર રસ્તા ખાતે વોચમાં રહી આરોપી નં.(૧) ધર્મેન્દ્ર ઉર્ફે ગુડ્ડન ઉર્ફે બાબા સ/ઓ મુકુટબિહારી મિશ્રા ઉ.વ.૩૬ હાલ રહેવાસી પતરાવાળી ચાલી દશારામ યાદવના મકાનમાં સોસાયટીની ચાલીની સામે અમરાઇવાડી અમદાવાદ શહેર મુળ વતન



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

ગામ જહાનાબાદ (શ્રીનગર) તા.કુંડા જીલ્લો પ્રતાપગઢ ઉત્તરપ્રદેશ નં.(૨) પ્રમોદકુમાર રામસ્વરુપ સરોજ ઉ.વ.૨૮ હાલ રહેવાસી પતરાવાળી ચાલી દશારામ યાદવના મકાનમાં સોસાયટીની ચાલીની સામે અમરાઇવાડી અમદાવાદ શહેર મુળ વતન ગામ છોટકી હમ્તિયારી તા.કોટીલા જીલ્લો પ્રતાપગઢ ઉત્તરપ્રદેશ નં.(૩) શ્રવણકુમાર ઉર્ફે પિન્ટુ સ/ઓ લલ્લુપ્રસાદ જોષી ઉ.વ.૨૯ હાલ રહેવાસી પતરાવાળી ચાલી દશારામ યાદવના મકાનમાં સોસાયટીની ચાલીની સામે અમરાઇવાડી અમદાવાદ શહેર મુળ વતન ગામ જહાનાબાદ (શ્રીનગર) તા.કુંડા જીલ્લો પ્રતાપગઢ ઉત્તરપ્રદેશ નં.(૪) પ્રેમચંદ ઉર્ફે જ્ઞાનચંદ્ર સ/ઓ રામસુંદરલાલ સરોજ (પાસી) ઉ.વ.૨૮ હાલ રહેવાસી પતરાવાળી ચાલી દશારામ યાદવના મકાનમાં સોસાયટીની ચાલીની સામે અમરાઇવાડી અમદાવાદ શહેર મુળ વતન ગામ શેરગઢ તા.કુંડા જીલ્લો પ્રતાપગઢ ઉત્તરપ્રદેશ નં.(૫) સુરજકુમાર મતુલે સરોજ ઉ.વ.૨૫ હાલ રહેવાસી પતરાવાળી ચાલી દશારામ યાદવના મકાનમાં સોસાયટીની ચાલીની સામે અમરાઇવાડી અમદાવાદ શહેર મુળ વતન ગામ હમ્તિયારી કોટિલા તા.કુંડા જીલ્લો પ્રતાપગઢ ઉત્તરપ્રદેશ નં.(૬) રાકેશ મોહનલાલ પાસી (સોની) ઉ.વ.૨૯ હાલ રહેવાસી પતરાવાળી ચાલી દશારામ યાદવના મકાનમાં સોસાયટીની ચાલીની સામે અમરાઇવાડી અમદાવાદ શહેર મુળ વતન મ.નં.૭૫ દિપ એન્કલેવ વિકાસનગર ગલી નં.૧ ઉત્તમનગર દિલ્હી ઇસ્ટ નં.(૭) રાજેશ મોહનલાલ પાસી (સોની) ઉ.વ.૩૦ હાલ રહેવાસી પતરાવાળી ચાલી દશારામ યાદવના મકાનમાં સોસાયટીની ચાલીની સામે અમરાઇવાડી અમદાવાદ શહેર મુળ વતન મ.નં.૭૫ દિપ એન્કલેવ વિકાસનગર ગલી નં.૧ ઉત્તમનગર દિલ્હી ઇસ્ટ નાઓને ધાડ પાડવાના ઇરાદે સેન્ટ્રો ગાડી નં.MH-43-R-9376 માં ધાડ પાડવાના હથિયારો (૧) રિવોલ્વર લોડેડ હાલતમાં (૨) કારતુસ નંગ-૬ (૩) લોખંડની કોશ નંગ-૩ (૪) ટાપરીયા કંપનીનુ લાલ કલરનુ કાળા હાથાવાળુ કાતર કટર (૫) ટાપરીયા કંપનીનુ પ્લાસ્ટીકના લાલ કલરના હાથાવાળુ પકકડ (૬) ટાપરીયા કંપનીના નાના મોટા ડિસમીસ નંગ-૨ (૭) હાઇમેકસ કંપનીનુ ગ્રે કલરનુ ગ્રાઇન્ડર મશીન કેબલ સાથેનુ (૮) ડોંગચેંગ કંપનીનુ આસમાની કલરનુ ગ્રાઇન્ડર મશીન કેબલ સાથેનુ (૯) કાળા રંગના કેબલ સાથેનુ ઇલેકટ્રીક બોર્ડ (૧૦) ગ્રાઇન્ડર મશીનની કટર ડિશો નંગ-૮ (૧૧) નાના કટર નંગ-૨ (૧૨) લાકડાના હાથાવાળી ગિલોલ નંગ-૨ (૧૩) નાના પથ્થરના ટુકડાઓ નંગ-૯ (૧૪) મોબાઇલ નંગ-૧૨ (૧૫) અગજડતીના નાણાં રુ.૧૧૮૪૦/ મળી કુલ્લે કિંમત રુ.૨,૬૫,૮૮૦/ ની મત્તા કબજે કરી આરોપીઓને તા.૦૯.૦૧.૨૦૧૭ ના કલાક ૦૩.૧૫ વાગે પકડી અટક કરી અમરાઇવાડી પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૩/૨૦૧૭ ઇપીકો કલમ ૩૯૯, ૪૦૨ તથા આર્મ્સ એકટ કલમ ૨૫(૧)(બી)(એ)(સી),(૨૯) તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો રજીસ્ટર કરી આરોપીઓની સઘન પુછપરછ કરવાની તજવીજ ચાલુ છે.તા.૦૯.૦૧.૨૦૧૭

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)